નવગુજરાત સમય , પાના નંબર :- ૧૨

તારીખ :- ૧૩/૦૧/૨૦૨૬

PM મોદી અને જર્મન ચાન્સેલરની ઉપસ્થિતિમાં 27 એગ્રીમેન્ટ અને એનાઉન્સમેન્ટ થયા

# મેટ્રો રેલ, ગ્રીન એનર્જી સહિતના પ્રોજેક્ટ્સમાં જર્મની 1.24 બિલિયન યુરોનું ફંડિંગ કરશે

## અમદાવાદમાં જર્મન ઓનરરી કોન્સ્યૂલ ઓફિસ શરૂ થશે

નવગુજરાત સમય > ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝની ઉપસ્થિતિમાં સોમવારે સવારે મહાત્મા મંદિર ખાતેની લોન્જમાં દ્વીપક્ષીય તેમજ સીઈઓ ફોરમની મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઇ હતી. આ બંને બેઠકો બાદ બંને નેતાઓની ઉપસ્થિતિમાં ૨૭ જેટલા એગ્રીમેન્ટ, એમઓયુ તેમજ એનાઉસમેન્ટ જાહેર કરાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ જાહેરાતો અને પરસ્પર સહયોગને આવકાર્યો હતો. જર્મન ચાન્સેલર મર્ઝ પોતાની સાથે ૨૩ જેટલી કંપનીના સીઈઓ, ઈન્ડસ્ટ્રીઝ લીડર્સ સાથેના હાઈલેવલ ડેલિગેશન સાથે ભારતની બે દિવસીય મુલાકાતે આવી પહોંચ્યા. રવિવારે અડધી રાત્રિ બાદ અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધિવત રીતે આવકાર્યા હતા.

સોમવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચાન્સેલરનું ગાંધી આશ્રમ ખાતે વિધિવત રીતે સ્વાગત કર્યું હતું. અહીં મહાત્મા ગાંધીને ભાવાંજલિ અર્પણ કરી બંને નેતાઓ એક જ મોટરકારમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્ઘાટનમાં સામેલ થયા હતા. બંને નેતાઓએ પતંગ ચગાવવાની મજા માણી હતી. આ અગાઉ રિવરફ્રન્ટ ખાતે કેટલીક ઔપચારિક ચર્ચામાં વડાપ્રધાને રિવરફ્રન્ટના વિકાસની જાણકારી આપી હતી. આ પછી બંને નેતાએ પારસ્પરિક મંત્રણા કરી હતી. આ પછી સીઈઓ ફોરમને સંબોધ્યું હતું.

આ બેઠક બાદ વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જર્મની દ્વારા અમદાવાદ, સુરત ઉપરાંત બેંગ્લોર મેટ્રો પ્રોજેક્ટમાં આર્થિક સહયોગ ઉપરાંત લોથલ ખાતે આકાર લઈ રહેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્સ માટે પણ સહકાર પ્રાપ્ત થશે. આ ઉપરાંત ભારતમાંથી ગ્રીન એમોનિયાની નિકાસ માટે પણ એક કંપની સાથે કરાર થયા છે.વડાપ્રધાને ચાન્સેલર મર્ઝની ઉપસ્થિતિમાં કહ્યું કે, ‘મને આનંદ છે કે જર્મન મેરિટાઈમ મ્યુઝિયમને ગુજરાતના લોથલમાં બની રહેલ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ સાથે જોડવામાં આવી રહ્યું છે. આ બંને દેશોના દરિયાઈ ઈતિહાસને જોડતું એક ઐતિહાસિક પગલું છે.’ વડાપ્રધાન મોદીએ અન્ય એક કરારને મહત્ત્વપૂર્ણ ગણાવીને કહ્યું કે, ‘ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો પરંપરાગત દવાઓના ક્ષેત્રમાં જર્મની સાથે ગાઢ સહયોગ રહ્યો છે. આ મહત્વપૂર્ણ વિષય પર આજે હસ્તાક્ષર કરાયેલા MOU સહયોગને વધુ મજબૂત બનાવશે.’




જર્મનીની 23 જેટલી કંપનીના CEO, ઈન્ડસ્ટ્રીઝ લીડર્સનું હાઈલેવલ ડેલિગેશન પણ ગુજરાતનું મહેમાન બન્યું

લોથલ ખાતે આકાર લેતાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્સ માટે પણ જર્મનીનો સહયોગ મળશે : વિદેશ સચિવ

## ભારત-જર્મનીની દ્વિપક્ષીય બેઠક બાદ મહત્ત્વની જાહેરાતો

- **ભારતીય પાસપોર્ટ ધારકોને જર્મનીમાં ટ્રાન્ઝિટ વીઝા લેવામાંથી મુક્તિ.** વિધિવત અમલ હવે પછી જાહેર થશે.
- **ફોરેન પોલિસી અને સિક્યોરિટી ડાયલોગ ટ્રેક 1.5 સ્થાપિત કરાશે.**
- ઇન્ડો પેસિફિક કેન્દ્રિત દ્વિપક્ષીય વાટાઘાટો થશે.
- **ઇન્ડો-જર્મન ડાયલોગ (2025-2027)નો વર્ક પ્લાન અમલમાં મૂકાશે.**
- રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન, પીએમ ઇ-બસ સેવા, ક્લાયમેટ રિસિયન્ટ અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ કરવા જર્મની **1.24** બિલિયન યુરોનું ફંડિંગ કરશે.
- બેટરી સ્ટોરેજ વર્કિંગગ્રૂપની રચના કરાશે.
- **ગાના, મેકરુન, માલાવીમાં ભારત અને જર્મની દ્વારા સંયુક્ત રીતે વિવિધ પ્રોજેક્ટ્સ શરૂ કરાશે.**
- અમદાવાદમાં **ઓનરરી કોન્સ્યૂલ કચેરી** શરૂ કરાશે.

## અરિહા શાહ માટે ભારત સરકાર સંવેદનશીલ, ભારતીય સંસ્કૃતિમાં ઉછેર માટે પ્રયાસો ચાલુ : વિદેશ સચિવ

**ગાંધીનગર :** જર્મનીમાં અગાઉ રહેતા એક ગુજરાતી પરિવારની દીકરી અરિહા શાહ છેલ્લા ચાળીસેક મહિનાથી જર્મનીના બાળ ઉછેર ગૃહ (ફોસ્ટર કેર)માં રહીને મોટી થઇ રહી છે. તેના માતાપિતા સામે થયેલા કાનૂની કેસ બાદ તેઓને ભારત મોકલી દેવાયા પછી બંને જણા પોતાની બાળકીને મળી શકતા નથી. આ મામલે કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે તાજેતરમાં જ સંસદમાં આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. અરિહાના માતાપિતાને વીઝા મળે અને પોતાની બાળકીને મળી શકે એ માટે રજૂઆત કરી હતી. બાળકી માતાપિતાને પરત મળે એ માટે પ્રયાસો કરવા પણ માગણી કરી હતી. આજે જર્મન ચાન્સેલર ગુજરાતમાં આવ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દે કોઇ રજૂઆત કરી હતી કે કેમ તેવા એક સીધા પ્રશ્નના ઉત્તરમાં વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ કહ્યું કે, ‘અગાઉ આ મામલો લીગલ હતો, પરંતુ અમે તેને એક માનવીય રીતે જોઇ રહ્યા છે. ભારત સરકાર આ કેસમાં સંવેદનશીલ છે અને અમારા માટે જર્મની સાથે અન્ય મહત્ત્વના મુદ્દાઓ જેટલો જ મહત્ત્વનો મુદ્દો છે. તેમણે કહ્યું કે, આજની દ્વીપક્ષીય વાટાઘાટોમાં ભારતના વડાપ્રધાન દ્વારા આ મુદ્દો રજૂ કરાયો હતો. અમે તેમના પરિવારની વિટંબણાઓ અને હાડમારીઓને અનુભવી શકીએ છીએ.’ ‘ભારત સરકાર સતત જર્મન કોન્સ્યુલેટ, એમ્બેસેડર, બર્લિન સાથે વારંવાર આ મુદ્દે સંપર્ક કરીને બાળકીને ભારતીય ઉત્સવોની ઉજવણીમાં સામેલ કરવા, ભારતીય લોકોને મળવા તેમજ તેને ઓછામાં ઓછું હિન્દી શીખવવામાં આવે તેવા પ્રયાસો કરી રહ્યું છે. કેટલાક મુદ્દાઓ એવા છે કે જે હાલ ગંભીર તબક્કે છે જે જાહેર કરી શકાય તેમ નથી.’ એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે આશ્વસ્થ કરતા કહ્યું કે, અમે અગાઉ પણ આ કિસ્સામાં સતત પ્રયત્નશીલ રહ્યા છીએ અને આગળ પણ સતત પ્રયત્નશીલ રહીશું.